**માન. અધ્યક્ષશ્રી,**

① પંચાયત વિભાગે માટે કુલ-૧૨૧૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તે માટે માન. પંચાયતશ્રી બચુભાઈ ખાબડ સાહેબ અને નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબનો ખુબ ખુબ આભાર માનું છે.

**માન. અધ્યક્ષશ્રી,**

② ➢ વર્ષ ૧૯૯૫ પહેલા અગાઉ સરકારે પંચાયત ઘર, નળીયાવાળા તથા પતરાવાળા હતા અને તેમા ચોમાસામાં પાણી ટપકતુ હતુ. અને પતરાવાળામાં બપોરે ગરમી લાગતી હતી. આવી હાલાત હતી પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગ્રામ પંચાયત ધાબાવાળી તથા તલાટીઓને રહેવા માટે પણ ટબ્બલમાળની ઓફિસ બનાવી આપવામાં આવેલ છે. જેથી તલાટી ગ્રામ પંચાયતમાં રહે વિકાસના કામો કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

③ ➢ વર્ષ ૧૯૯૫ પહેલા ગામડાઓમાં વિજળીની પુરતી સુવિધા નતી અને રાત્રે વાળુ કરવા બેસવું હોય ત્યારે લાઈટ જતી રહેતી હતી. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાંચી શકતા ન હતા. આવી અગાઉની સરકારમાં ચાલતુ હતુ.

➢

**માન. અધ્યક્ષશ્રી,**

④ ➢ અમારી સરકાર આવ્યા પછી ગામડાઓમાં ૨૪ કલાક વિજળી પુરી પાડી અને અભ્યાસ માટે બાળકો ૨૪ કલાક અભ્યાસ કરી

શકે તે માટે પંખો તથા એસ.સી.ની વ્યવસ્થા કરવામાં આવી છે. તેથી વિદ્યાર્થીઓ પુરો અભ્યાસ કરી શકે.

**માન. અધ્યક્ષશ્રી,**

(5) ➢અગાઉની સરકાર વખતે મારા મત વિસ્તાર કડીમાં કાચા રસ્તા અને ચોમાસુ પહેલા ઘર વપરાશની ખરીદી કરવી પડતી હતી. ત્યારે બસની પણ સુવિધા ન હતી. બળદગાડુ લઈને ઘર વપરાશ માટે જવું પડતુ હતુ.

**માન. અધ્યક્ષશ્રી,**

(6) ➢જ્યારે અમારી સરકાર આવ્યા પછી પાકા રસ્તા અને એક બીજાને ગામડાને જોડતા રોડ, અને કડી થી દેત્રોજ – કડી થી જોટાણા અને કડી થી સાણંદ તાલુકાને જોડતા રોડ બનાવી અને બસ તથા ૧૦૮ ની પુરતી સુવિધા કરવામાં આવેલ છે. જેથી બિમાર પડે ત્યારે તેમજ ઘર વપરાશની કોઈ પણ વસ્તુ લેવા સરળતાથી જઈ શકે.

**માન. અધ્યક્ષશ્રી,**

(7) ➢અગાઉની સરકારે મફતગાળા તે જે ગ્રામ પંચાયતમાં મળતા હતા. તે સમયે ૬ હજાર રૂપિયા મકાન સહાય મળતી હતી.અને કાચા નળીયાવાળા મકાન બનાવવામાં આવતા હતા. ત્યારે આવાક મર્યાદા ૨૪૦૦ રૂપિયા હતી. અને વચ્ચેથી કટકી થઈ જતી હતી. જેથી મકાન સહાય લાભાર્થીઓને પુરતી મળતી ના હતી.

**માન. અધ્યક્ષશ્રી,**

8 ➢ અમારી સરકાર આવ્યા પછી ૧,૨૦,૦૦૦ હજાર અને મનરેગાના 30,000 મળી ને કુલ ૧૫૦,૦૦૦ મકાન સહાય આપી પાકા મકાન બનાવવામાં આવે છે. અને ૬ મહિનામાં મકાન પુર્ણ કરે તો વધારાના ૨૦.૦૦૦ મળે છે. જેથી કુલ ૧૭૦,૦૦૦ હજાર પુરા મળે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

9 ➢ અગાઉની સરકાર હતી ત્યારે સાંસદશ્રી દ્વારા મહિલાઓને ૧૦ કુપન આપવામાં આવતી હતી. જે કોંગ્રેસ સરકારના હોઈ તેને જ કુપનો મળતી હતી.

**માન. અધ્યક્ષશ્રી,**

10 ➢ જ્યારે અમારી સરકાર આવ્યા પછી દરેક નાના કુટુંબોની બહેનો માટે ગેસની બોટલ ફ્રી આપવામાં આવે છે. અને ૮૦ ટકા અનાજ સહાય આપવા માં આવે છે. અગાઉની સરકાર વખતે બી.પી.એલ.ના લાભાર્થીઓને સહાય આપવામાં આવતી હતી. જ્યારે અમારી સરકાર આવ્યા પછી દરેકનાના પરીવારને અનાજ સહાય આપવામાં આવે છે.

## શ્રી કરશનભાઈ સોલંકી MLA ૨૪-કડી

## માર્ગ અને મકાન વિભાગની માંગણી(સ્પીચ)

**માન.અધ્યક્ષશ્રી,**

માન.મંત્રીશ્રીએ આજે માર્ગ અને મકાન વિભાગમાં રૂ.૨૨૧૬૩ કરોડની જોગવાઈ કરેલ છે તે બદલ માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માન. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈનો ખૂબ ખૂબ આભાર.

**માન.અધ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તારમાં કડી થી મહેસાણા જવા માટે, કડીથી ગાંધીનગર જવા માટે, કડીથી અમદાવાદ જવા માટે અને કડીથી વિરામગામ જવું હોય તે વખતે અગાઉની સરકારમાં સીંગલ પટ્ટી ૩ મીટરનો રોડ હતો તેથી ૩ કલાક ગમે તે જગ્યાએ જવા માટે લાગતા હતા. આવી હાલત અગાઉની સરકાર વખતે હતી.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર આવવાથી અત્યારે આ દરેક રસ્તા પાકા બની ગયા અને ગમે ત્યાં જવું હોય એક કલાકમાં પહોંચી જવાય છે. અને તેઓ આખો દિવસ જે ખરીદી કરવી હોય કે સરકારી કામકાજ કરી સાંજે ઘરે પરત આવી જાય છે.

**માન.અધ્યક્ષશ્રી,**

જ્યારે અગાઉ કોઈ ખરીદી કે સરકારી કામ કાજ માટે જવાનું થતું હતું તો રોકાવું પડતું હતું અને બીજા દિવસે ઘેર પાછા આવતા હતા.

**માન.અધ્યક્ષશ્રી,**

ગાંધીનગરથી સોમનાથ કે દ્વારકા જવા માટે અગાઉની સરકાર વખતે બે માર્ગી રોડ હતો અને જવા તથા આવવામાં તે સમયે ૧૦ કલાક જવા માટે લાગતા હતા. આ અગાઉની સરકારનું કામ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર આવ્યા પછી આ રોડને છ માર્ગી બનાવવામાં આવ્યો અને તેના ઉપર પુલ પણ બનાવવામાં આવેલ છે. તેમજ રેલ્વે ફાટક મુક્ત ગુજરાત કરેલ છે. તેથી હવે પાંચ કલાકમાં ગાંધીનગરથી સોમનાથ, દ્વારકા પહોંચી જવાય છે જે આ અમારી સરકારનું કામ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તારમાં અગાઉ રેલ્વે ફાટક આવેલ હતાં અને જયારે ગાડી આવે ત્યારે ફાટક બંધ રાખવામાં આવતાં હતાં અને બિમારીના સંજોગોમાં સમયસર દવાખાતે પહોંચી શકતા ન હતા.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર આવ્યા પછી ફાટક મુક્ત ગુજરાત બનાવેલ અને જે તે જગ્યાએ રેલ્વે ફાટક આવતા હતા તેના પર પુલ બનાવેલ છે અને રોડ ક્રોસીંગ પર પણ પુલ બનાવેલ છે જેથી કોઈ બિમાર હોય તેને ફાટક નડતરરૂપ થતું નથી અને સમયસર સારવાર મળી રહે છે.